## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અમારા તો સી.એમ. ન થયા... તમારા થઈ ગયા છે... તો... લેવા છે ફટાકડા... અડધી કિંમતે...!!!

### નરોડા-ચિલોડા હાઈવે પર

# માર્ગ અકસ્માતથી મહિનામાં એક પણ મૃત્યુ નહીં

## આ હાઈવે પર જીવલેણ અકસ્માતોના સંખ્યાબંધ બનાવોને ધ્યાને લઈ પોલીસે રોડ પર ક્રોસ પેટ્રોલીંગ શરૂ કર્યું

ગાંધીનગર, તા. ૫

નેશનલ હાઈવે નં. ૮ પર ચિલોડા-નરોડા હાઈવે પર માર્ગ અકસ્માતમાં મૃત્યુ થવાના સંખ્યાબંધ બનાવો બન્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષકે આ બાબતને ગંભીરતાથી લઈ જીવલેણ અકસ્માત સંદર્ભે સર્વે કરાવ્યો હતો. વાહનોની સ્પીડ અને સાંકળો માર્ગ આ બે કારણોસર જીવલેણ અકસ્માતો સર્જાતા હોવાનું સર્વેમાં બહાર આવ્યું હતું. હાઈવે પહોળો કરવા હાઈવે ઓથોરોટીને જાણ કરવામાં આવી છે અને ગતિ નિયંત્રણ માટે પોલીસે નવો નુસખો અજમાવ્યો છે. ચિલોડા અને નરોડા બંને છેડેથી પોલીસને સતત આ રૂટ પર ક્રોસ પેટ્રોલીંગ કરવા માટે પીસીઆર વાન આપી દેવાઈ છે. પોલીસને ફરતી જોઈને વાહનોની ગતિ આપોઆપ ઘટી જાય છે. અને આ નુસખો અજમાવ્યો ત્યારથી એટલે કે લગભગ એક મહિનાથી આ માર્ગ પર એક પણ વ્યક્તિનું મૃત્યુ માર્ગ અકસ્માતમાં થયું ન હોવાનું જાણવા મળતા પોલીસનો આ નુસખો સફળ રહ્યો હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ લાગી રહ્યું છે.

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે આ રૂટ પર થતા જીવલેણ અકસ્માતો બાદ વધેલા મૃત્યુઆંકને ધ્યાને રાખી આ વિસ્તારની મોટી સમસ્યાને દુર કરવા જરૂરી સુચનો કર્યા હતા. હાઈવેને પહોળો કરવા માટે સ્થાનિક કક્ષાએથી થયેલી રજુઆત ઉપરાંત પોલીસ અધિક્ષકે પણ હાઈવે ઓથોરીટીને લેખીતમાં આ મામલે જાણ કરી ત્વરીત કામ કરવા ભલામણ કરી હતી તો બીજી તરફ આ કામગીરી જ્યાં સુધી શરૂ ન થાય ત્યાં સુધી બીજો રસ્તો અપનાવવા નવો નુસખો અજમાવ્યો હતો.

વાહનોની ગતિ મર્યાદામાં રહે તે માટે પોલીસની સતત હાજરી દેખાવી જરૂરી છે. જેને બદલે આ રૂટ પર ચોક્કસ સમય પુરતી પોલીસને ક્રોસ પેટ્રોલીંગ કરાવવા બે પીસીઆર વાન આપી દેવાઈ છે. બંને છેડેથી પીસીઆર વાન આ રૂટ પર સતત ફરતી રહે છે અને પોલીસની હાજરી રોડ પર દેખાતા આપોઆપ ભારે વાહનોની ગતિ પણ ઘટી જાય છે. જો કે પોલીસનો આ નવો નુસખો સફળ રહ્યો હોય તેમ લાગી રહ્યુ છે. કેમ કે જ્યારથી આ નુસખો અજમાવ્યો છે ત્યારથી લગભગ એક મહિનાથી આ રૂટ પર માર્ગ અકસ્માતમાં એક પણ વ્યક્તિના મૃત્યુની ખબર આવી નથી.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર નજીક કોબા પાસે આવેલ કમલમ્ કાર્યાલય ખાતે કાર પાર્કિંગની સમસ્યા ભાજપની ધારાસભ્યોની બેઠકને લઈ થઈ હતી.
- ગાંધીનગર ભાજપના કાર્યકરો અને કાઉન્સીલરો પણ કમલમ્‌માં દેખાયા હતા.
- ગાંધીનગર મનપા સહિત જિલ્લાના આરોગ્યના તમામ તબીબી અધિકારીઓને આજે મેલેરિયાને લઈ એક ખાસ વર્કશોપ યોજવામાં આવ્યો છે.
- ગાંધીનગર તાલુકાના ઉવારસદ ખાતે રાજ્યના નવા નિમણુંક પામેલા વીબીડી કન્સસ્ટન્ટોને એક દિવસની ક્ષેત્રીય તાલીમ આપવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી રહી છે.
- ફાયર બ્રિગેડની ઓફિસમાં ૫૦થી પણ વધુ વૃક્ષોનું વાવેતર મનપા દ્વારાકરવામાં આવ્યું છે.
- રાજકોટ-૨ની બેઠક પરથી રાજ્યને બીજા મુખ્યમંત્રી મળ્યા. અગાઉ વજુભાઈ વાળાએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે બેઠક ખાલી કરી હતી અને હવે આ જ બેઠક પર રાજ્યપાલ બનતા વજુભાઈએ રાજીનામુ આપ્યુ હતુ અને વિજયભાઈ પેટા ચૂંટણીમાં વિજયી થયા હતા.

# એમસીઆઈની ટીમ નજીકના ભવિષ્યમાં આવતી હોવાથી હોસ્પિટલ તંત્રમાં ચહલ પહલ વધી

ગાંધીનગર, તા.૫

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં આગામી નવેમ્બર-ડિસેમ્બર માસમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ટીમનું ઈન્સપેકશન આવવાની સંભાવના પ્રબળ બની છે. એમસીઆઈનું છેલ્લુ ઈન્સપેકશન હોવાથી મેડીકલ કોલેજનું તંત્ર હરકતમાં આવી ગયું છે. હોસ્પિટલમાં ઈન્સપેકશન દરમિયાન કોઈ પણ જાતની ક્ષતિ રહીના જાય તે માટેની સમીક્ષા બેઠકોના દોર શરુ થઈ ગયો છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ગાઈડ લાઈન મુજબ દર્દીઓને યોગ્ય સારવાર મળે છે કે નહી, તેમજ સિવિલ સંકુલ તેમજ મેડીકલ કોલેજમાં જરુરી તમામ સુવિધાઓ નિહાળવા માટે આગામી નવેમ્બર કે ડિસેમ્બર માસમાં એમસીઆઈનું છેલ્લું ઈન્સ્પેકશન આવવાની સંભાવના સેવાઈ રહી છે. ત્યારે હોસ્પિટલ તંત્રમાં છેલ્લા બે દિવસથી વિભાગોના વડાઓ સાથે બેઠકોનો ધમધમાટ વધી જવા પામ્યો છે. હોસ્પિટલના સતાધિશોએ અધિકારીઓને જરુરી સુચનો પણ આપી દીધા છે. ત્યારે હોસ્પિટલની મુલાકાતે આવનાર ટીમની દ્રષ્ટ્રિમાં કોઈ ખામી ના દેખાય તે અત્યંત જરુરી છે. ગાંધીનગર જિલ્લા તેમજ બહાર ગામથી આવતા દર્દીઓને વધુ સારી સેવા મળી રહે તે માટેની તૈયારીઓ શરુ કરવામાં આવી છે. એમસીઆઈની ટીમ દ્વારા કોલેજ અને હોસ્પિટલમાં ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવે છે. જેમાં હોસ્પિટલના વોર્ડ, સફાઈ, સ્વચ્છતા, સ્ટાફ, સાધનો સહિતનો સમાવેશ થાય છે. જયારે છેલ્લુ ઈન્પેકશન હોવાથી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કમી રાખવા તૈયાર નથી. જેન પગલે છેલ્લા બે દિવસથી તંત્ર હરકતમાં આવી ગયું છે.પીઆઈયુ વિભાગને પણ બાકી રહી ગયેલુ કામ સત્વરે પૂર્ણ કરવા સુચનો કરી દેવામાં આવ્યા છે. જયારે આગામી મહિનાઓમાં ઈન્સપેકશન આવતુ હોવાથી દર્દીઓને હવે યોગ્ય સારવાર મળશે.જે પણ ફરીયાદ હશે તેનું નિવારણ પણ ઝડપી થઈ જશે. દર્દીઓને સાચવવામાં આવશે જેથી દર્દીઓ પણ કહેશે કે ઈન્સપેકશન આવવાનું લાગે છે.





સૅક્ટર-૧માં સ્થિત સમદર્શન આશ્રમ ખાતે વિષ્ણુ સહસ્ત્રનામ અંગે પૂ. ગુરુમાની પ્રવચનમાળાનો પ્રારંભ થયો છે. ગુરુમાની પ્રવાહી વાણીને માણવા માટે આશ્રમ ખાતે મોટી સંખ્યામાં ભાવિકો પધારી રહ્યા છે.

# લાયોનેસ ક્લબ દ્વારા ગાર્ડનીંગ અને બોનસાઈ વિષય પર કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા સે. ૧૯, જીમખાના ખાતે ગાર્ડનીંગ અને બોનસાંય વિષય પર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વૈજયન્તીબેન ગુપ્તે દ્વારા ગાર્ડનીંગ અને બોનસાંયની માહિતી આપવામાં આવી હતી. જેમાં જાતે જ ગાર્ડનની માવજત કરવી તેમજ બોનસાંય પ્લાન્ટસનું પણ કેવી રીતે જતન કરવું તે ડેમો દ્વારા સુંદર રીતે સમજાવવામાં આવ્યું હતું. તથા બોનસાંય પ્લાન્ટને કેવી રીતે ઉછેરવા તે પણ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રેસિડન્ટ દેવલબેન જોષી, એરીયા કો. પર્સન વૈશાલીબેન જોષી, સેક્રેટરી મીતલ રાણા તથા ક્લબની બહેનો હાજર રહી હતી.

### ૧૪મી ઓગષ્ટ રવિવારના રોજ

# જુસિકાની ૧૬મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં કાર્યરત સેવાભાવી સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સિલની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા આગામી તા. ૧૪મી ઓગષ્ટ રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સે-૩૦ મુકિતધામ ખાતે યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં બ્લોક નં. ૫૬/૨ ખાતે કાર્યરત જુસિકા દ્વારા શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ નિરંતર કરવામાં આવે છે જેમાં બિનવારસી લાશની અંતિમ વિધિ, ચક્ષુદાન-દેહદાન એકત્રિકરણ, રકતદાન શિબિર, એમ્બ્યુલન્સ-શબવાહિની સેવા, ગરીબ દર્દીઓને શસ્ત્રક્રિયામાં આર્થિક સહાય, કુદરતી આફતમાં રાહત કામગીરી, અંતિમ સંસ્કારનો સામાન વિના મૂલ્યે વિતરણ, આરોગ્ય સુરક્ષાના સાધનો વિના મૂલ્યે વિતરણ વગેરે ઉપરાંત મુકિતધામ, રૂદ્ર ભૂમિધામ સ્મશાનોનું સંચાલન વગેરેનો સમાવેશ થાય છે. વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના આજીવન સભ્યો, કારોબારી સભ્યો તથા સલાહકાર મંડળના સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓને નિયમિત કરવા જાગૃત નાગરિકો દ્વારા માંગ

ગાંધીનગર, તા. ૫

સાતમા પગાર પંચની ભલામણોનો ભારત સરકારની જેમ ગુજરાત સરકાર પણ તા. ૧લી ઓગષ્ટથી અમલ કરશે તેવી મુખ્યમંત્રીએ મહત્વની જોહરાત કરી છે. તેને ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે હાર્દિક આવકાર આપ્યો છે. પરિષદે જણાવ્યું છે કે રાજ્ય સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનરોએ આ નિર્ણયથી ગુજરાત સરકારની ગતિશિલતાનો અનુભવ કર્યો છે. પગારપંચની ભલામણો અંગેનો આવો ત્વરિત નિર્ણય પ્રથમવાર થયો છે.

ગતિશીલ અને પ્રગતિશીલ સરકાર તેના ફીક્સ પગાર મેળવતા કર્મચારીઓની માંગણી પણ તરત સ્વીકારે તેવો જાગૃત નાગરિક પરિષદે સરકારને અનુરોધ કર્યો છે. નોકરીના શરૂઆતના વર્ષોમાં જ યુવક, યુવતીને જીવનમાં લગ્ન જેવા મહત્વના નિર્ણયો લેવાના હોય છે, ત્યારે તેમને મળતા પગારની રકમ સામાજિક રીતે ભારે મહત્વ ધરાવતી હોય છે. આવા કર્મચારીઓને સરકારની અગાઉની નીતિઓ મુજબ પુરો પગાર મળતો થશે તો ભ્રષ્ટાચાર પર નિયંત્રણ આવશે. કેમ કે તંત્રની આર્થિક સ્થિતિ મજબુરીથી ભ્રષ્ટાચારની પ્રેરક બનતી હોય છે.

જયોતીન્દ્રભાઈ દવેની અધ્યક્ષતામાં મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં મહત્વનું સૂચન કરતા સર્વ એચ. બી. વરિયા, સુમંતભાઈ શાહ, ભાનુપ્રસાદ પુરાણી વગેરેએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા ૧૧ માસના કોન્ટ્રેકટ પર રખાતા (મુખ્યત્વે આરોગ્ય વિભાગના) કર્મચારીઓને ખાલી જગ્યાઓ પર નિયમિત ધોરણે નિયુક્તિ આપવાનું અત્યંત આવશ્યક છે. લાંબા સમયથી જગ્યાઓ ખાલી હોવા છતાં કોન્ટ્રેક્ટ પરના કર્મચારીઓને વર્ષો વિતવા છતાં નિયમિત કરાતાં નથી. ગાંધીનગરના પ્રબુદ્ધ નગરજનોની સંસ્થા જાગૃત નાગરિક પરિષદે શ્રદ્ધા વ્યક્ત કરી છે કે દેશના અન્ય રાજ્યો કરતા ગુજરાત સંપન્ન અને આદર્શ રાજ્ય છે ત્યારે આ નિર્ણય કરવામાં સરકારને કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ. કર્મચારીઓ સમાન કામ માટે સમાન વેતન મેળવતા થશે તો તેની ગુણવત્તા અસર વહીવટ પર પણ પડશે. સમાજમાં સમાનતા સ્થપાતા આંદોલનોને અવકાશ રહેશે નહી. પરિષદના સલાહકાર નિરંજન ઓઝા, અશોકભાઈ રીંડાણી, સોમાભાઈ પરમાર, જીતેન્દ્ર ત્રિવેદી, જીવણલાલ પરમાર, રાજેન્દ્ર પારેખ, હસમુખભાઈ ઠાકરે બેઠકમાં ઉપસ્થિત રહી સૂચનો કર્યા હતા.

# મહાનગરપાલિકા શાળાકીય રમતોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર મહાનગર પાલિકાનો શાળાકીય રમતોત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ શુક્રવારે પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સેકટર-૩૦ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

રમતોત્સવમાં કબડ્ડી, ખો ખો, વોલીબોલ અને એથ્લેટિક્સ રમતોનું ઉદ્‌ઘાટન પ્રતાપસિંહજી વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. આ ખેલમહાકુંભ અંતર્ગત કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સંસ્થાના મે. ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, પૂર્વ કારોબારી સભ્ય, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટક તરીકે ગાંધીનગર શહેર મહાનગરપાલિકા વ્યાયામ મંડળના પ્રમુખ લાભુભાઈ દેસાઈ તથા અતિથિવિશેષ તરીકે ઝોન પ્રમુખ દિપાબહેન બારોટ અને મંત્રી બી.આર. ઝાદવ અને રોટરી ક્લબના પ્રમુખ અરવિંદ રાણા તથા શોભનાબા વાઘેલા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ જણાવ્યું કે અભ્યાસ સાથે રમતોનું અનેરૂ મહત્વ છે તે વાસ્તવિકતા આપણે સહર્ષ સ્વિકારી વિદ્યાર્થીઓને ખેલદિલીની ભાવનાથી રમવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. વ્યાયામ શિક્ષક ડિમ્પલ રાજપૂતે શાળાકીય રમતોત્સવમાં કબડ્ડી, ખો ખો, વોલીબોલ અંતર્ગત ઉપસ્થિત રમત વિરોને શપથવિધિ કરાવી હતી. પ્રાસંગિક પ્રવચનમાં કાર્યક્રમના અધ્યક્ષે જણાવ્યું કે અહીં રમવુ એ જ જીતવુ છે. સમય સૂચકતા અને રમતો દ્વારા જિવન ઉત્થાન કરવાનું આહવાન કર્યુ હતુ. ઉદ્‌ઘાટક લાભુભાઈ દેસાઈએ શાળાકીય રમતોત્સવનો ખુલ્લો મુકવાની ઘોષણા કરી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન વિવિધ શાળાના વ્યાયામ શિક્ષકો જેવા કે માઉન્ટ કાર્મેલ સ્કૂલના રાકેશભાઈ શાહ, વેદ ઈન્ટર નેશનલ સ્કૂલના કિરણ સોલંકી, શારદા સ્કૂલના અજયસિંહ અને હિલવુડ સ્કૂલના વ્યાયામ શિક્ષક દ્વારા કરવામાં આવ્યું હતું.



# વાવોલ-ઉવારસદ માર્ગ ખાડાઓથી જોખમી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે સીઝનના વરસાદ સાથે ઠેર ઠેર પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ રહી છે. આ ઉપરાંત વાવોલના માર્ગો વરસાદના કારણે ધોવાઈ જવાથી ખાડા પડી ગયા છે. જેના કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને 'ક' રોડના એકસ્ટેન્શન માર્ગ વાવોલ-ઉવારસદ પર સંકલ્પ રોયલ બંગ્લોઝ અને શાલીન સોસાયટી સામેના રોડ પર પડેલા મોટા ખાડા જોખમરૂપ બનવા પામ્યા છે. જીઆઈડીસીથી ક-રોડનો એક્સ્ટેન્શન માર્ગ જે ઉવારસદ થઈ એસજી હાઈવેને મળે છે તે માર્ગ પર હેવી લોડીંગ વાહનો માટે ઉપયોગમાં લેવાઈ રહ્યો છે. આ માર્ગ પર અનેક સોસાયટીઓ વિકાસ પામી હોવાથી અહીના રહીસો ખાસ કરીને શાળાએ જતા બાળકો માટે આ ભારે વાહનો આમ પણ જોખમરૂપ સમસ્યા છે એમાં બીજી તરફ વરસાદના કારણે આ માર્ગ પર ધોવાણ થવાથી મસ મોટા ખાડા પડી જવા પામ્યાં છે. આ ખાડાઓમાં પાણી ભરાયેલ રહેતુ હોવાથી વાહનચાલકો માટે તેની ઊંડાઈનો અંદાજ લગાવવો મુશ્કેલ પડી રહ્યો છે.વાહનચાલકો પારાવાર મુશ્કેલી અનુભવી રહ્યાં છે. આ સાથે આ વિસ્તારના સાયકલ, સ્કૂટર લઈને શાળાએ જતા બાળકો, યુવાનો તથા નોકરિયાત મહિલા સ્કૂટર ચાલકો પણ આ ખાડાઓના કારણે જોખમી પરિસ્થિતિનો સામનો કરી રહ્યાં છે. સત્વરે આ માર્ગનું યોગ્ય સમારકામ કરાય તેવી વાવોલના રહીશોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

**PUBLIC NOTICE**

**Before the Motor Accident Claims Tribunal Thane At Thane.**

(Motor Accident Claim Application No. 144 of 2011 Exh. No. 20.)

**Smt. Kamal Singh Kartar Singh & another... Applicant.**

v/s

**Mr. Ganda Bhai K Patel,** Residing at Dalvada Village, Taluka Mansa District Gandhinagar, Gujarat- 382424 (Truck Owner, Truck No. GJ -18- U- 6971). **... Opposite Party.**

**Reliance General Insurance Mumbai ... INSURER.**

To,

**Mr.Ganda Bhai K. Patel,** Residing at Dalvada Village, Taluka Mansa District Gandhinagar, Gujarat, 382424.

Whereas the Applicant has instituted Application before this Tribunal claiming compensation amount on account of accidental death of Kartar Singh caused by your truck on 21 / 1 / 2011 at Thane;

You are hereby called upon to appear in person or through duly appointed Advocate before this Tribunal, on 13 / 09 / 2016 at 11-00 A.M. and to file your written statement/ Say in writing in reply to the Application; Failing which the Application will be heard and decided in your absence Exparte against you.

Given under my hand and seal of this Tribunal on this 26th July day of 2016.

Clerk
M.A.C.T, Thane

(Court Seal)

**BY ORDER.**
**Superintendent,**
**Motor Accident Claim Tribunal, Thane, Maharashtra.**





